## પશ્ચિમ રેલ્વે પોલીસ યુનિટ વડોદરાની તા. ૩૦/૧૦/૨૦૨૨ થી તા. ૦૫/૧૧/૨૦૨૨ સુધીના વિકની સારી કામગીરી (પોલીસ સાફલ્ય ગાથા) ની વિગત :-

**(૧) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૨૨/૨૦૨૨ તા.૦૧/૧૧/૨૦૨૨ :-**

તા. ૦૧/૧૧/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ શી-ટીમ સાથે સુરત રેલ્વે સ્ટેશન ઉપર હાજર હતા તે વખતે એક પેસેન્જર નામે પુજાબેન નાઓ અમદાવાદ થી જોધપુર ચેનાઇ એક્સ ટ્રેનમાં સુરત ઉતરતા હતા તે વખતે પ્લે નં ૦૨ ઉપર એક બાળકી મળી આવતા તેને પ્લે નં ૦૧ પોલીસ ચોકી ઉપર લાવી અમને સોપી જતા સદર બાળકીનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ રોશની ડો/ઓ મનસુખભાઇ જાતે બાબરીયા ઉ.વ.૧૮ધંધો ઘરકામ રહે હરીજન વાસ ભરૂચ વાળી હોવાનુ જણાવતા સદર છોકરીને તેના વાલીવરસો વિશે પુછપરછ કરતા તેના પિતા નામે મનસુખભાઇ નાઓનો મો.ફોન નંબર આપતા સંપર્ક કરી જાણ કરતા તેઓએ જણાવેલ કે સદર છોકરીની માતાએ બિજા લગ્ન કરેલ છે અને સદર છોકરી તથા તેની માતા તેમજ તેનો ભાઇ તેની પાસે રહે છે તેમ જણાવેલ અને અમારે પતિ-પત્નીના છુટાછેડા થયેલ છે સદર છોકરી તેની માતા સાથે રહે છે જેથી વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર નાઓએ ભરૂચ બી.ડીવીઝન પોલીસ સ્ટેશનના ફોન નં ૦૨૬૪૨૨૬૯૨૩૩ ઉપર સંપર્ક કરી છોકરી વિશે હકીકત જણાવી તેના પિતાનો સંપર્ક નંબર આપી તેઓ સાથે વાત કરતા તેઓએ જણાવેલ કે સદર છોકરી માનસિક બિમારીથી પિડાતી હોય અને તેની ડો. શ્રી રાજીવ એમ. અંતાણી મનસીજ ક્લીનીક બી.જી ટ્રેડ સેંટર પાંચબત્તી ભરૂચ ખાતે સારવાર ચાલુ છે આ છોકરી અવાર નવાર ઘરેથી નીકળે જાય છે તેમ જણાવેલ અને આજે પણ સવારના કયાક જતી રહેલ હતી જેથી અમો અમારા સગાસંબધી તથા મિત્ર વર્તુળમાં તપાસ કરતા મળી આવેલ નહી અને તેઓના મિત્ર નામે પિયુષ નાઓને બી ડીવીઝન પોલીસને જાણ કરેલ કે તેઓના કાકાની દિકરી સુરત રેલ્વે પોલીસ સ્ટેશનમાં મળી આવેલ છે જેથી તેઓ લેવા માટે સુરત રે.પો.સ્ટે.મા આવતા તેઓના નિવેદન તથા યોગ્ય આધાર પુરા મેળવી છોકરીનો કબ્જો તેના માતાપિતાને સુપ્રત કરવામાં આવેલ છે

**(૨) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૨૨/૨૦૨૨ તા.૦૨/૧૧/૨૦૨૨ :-**

તા.૦૨/૧૧/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રેલ્વે સ્ટેશન ઉપર હાજર હતા તે વખતે એક મહિલા પ્લે નં ૧ ઉપર એકલી બેસેલ હોય તેની પુછપરછ કરતા તેને જણાવેલ કે તે તેના બોયફ્રન્ડને મળવા આવેલ છે અને તેને ચક્કર આવતા હોય જેથી તે બેસેલ છે તેમ જણાવતા તેને સુરત રેલ્વે પોલીસ સ્ટેશન લાવી નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ અર્ચનાકુમારી ડૉ/ઓ મનરાજસિહ જાતે સિહ ઉ.વ. ૨૨ ધંધો અભ્યાસ રહે એસ.બી.આઇ ભગતસિહ માર્ગ જગતગીરી ગુટ્ટા કુકડપલ્લી હૈદ્રાબાદ મો નં ૮૩૦૯૫૮૧૭૧૦ વાળી હોવાનુ અને તેના આજથી દસેક વર્ષ પહેલા વતનમાં રહેતા છોકરા નામે અવધેશ કુમાર સ/ઓ પારસનાથ જાતે સીગ ઉ. વ. ૩૨ રહે હાલ પાવરગ્રેડ કંપનીમાં વાપી મુળ રહે ગામ મુબારકપુર કુલપુર નિવાલા ઉત્તરપ્રદેશ મો નં ૭૬૨૦૩૩૧૮૩૬૭ વાળા સાથે મિત્રતા હોય તેને મળવા સારૂ સુરત આવેલ પંરતુ તે ફોન ઉપડતા ન હોય જેથી ટેન્શનમાં આવી ગયેલ અને સુરત રેલ્વે સ્ટેશન ઉપર બેસી ગયેલ હોવાનુ જણાવતા બાદ તેની પાસેથી તેના પિતાનો સંપર્ક નંબર મેળવી તેના પિતા સાથે વાતચીત કરતા તેઓએ જણાવેલ કે તે પુખ્ત વયની હોય અને તે તેના મરજીથી જીવવા માગતી હોય અને તે અવાર-નવાર અમારાઘરેથી નિકળી જતી હોય છે અને સદર છોકરો અમારા વતનનો છે અને તે તેની સાથે જવા માગતી હોવાથી તેને મોકલી આપો તેમ જણાવતા સદર છોકરો અવધેશકુમારનો સંપર્ક નંબર મેળવી જાણ કરતા તે વાપી રહેતો હોય જેથી તે વાપીથી સુરત રે.પો.સ્ટે. લેવા માટે આવતા તેનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી સદર મહિલાને રૂબરૂમા સોંપવામા આવેલ છે જે બાબતે સ્ટે. ડા માં નોધ કરવામાં આવેલ છે.

**(૩) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા. એન્ટ્રી નંબર : ૩૧/૨૦૨૨ તા.૦૪/૧૧/૨૦૨૨ :-**

તા. ૦૪/૧૧/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રેલ્વે સ્ટેશન ઉપર શી-ટીમના સભ્યો સાથે હાજર હતા તે વખતે પ્લે નં ૦૧ ઓવર બ્રીજ ઉપર એક છોકરી એકલી જોવામા આવતા તેની પુછપરછ કરતા તેને જણાવેલ કે તેના માતાપિતા સાથે ઝગડો કરીને ઘરેથી કોને પણ જાણ કર્યા વગર નિકળી કલ્યાણ ગયેલ અને ત્યાંથી કોઇ પણ ટ્રેનમાં બેસી સુરત આવેલ હોવાનુ જણાવેલ અને તેની માસી જોલવા ગામ સુરતમાં રહે છે તેમ જણાવતા તેઓનો મોબાઇલ નંબર અથવા તેના માતાપિતાના મોબાઇલ...

...નંબર વિશે પુછપરછ કરતા તેઓ પાસે ન હોય જેથી સદર છોકરીનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ રીયા ડૉ/ઓ પંકજ જાતે યાદવ ઉ.વ. ૧૮ ધંધો અભ્યાસ રહે સાવેદાપુર જી.ધુળીયા મહારાષ્ટ્ર વાળી હોવાનુ જણાવેલ અને સદર છોકરીના વાલીવારસો ન આવે ત્યા સુધી તેને અસ્થાયી આશ્રય માટે સખી વન સ્ટોપ સેન્ટર ન્યુ સીવીલ હોસ્પીટલ સુરત ખાતે મુકવામાં આવેલ છે

**(૪) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા. એન્ટ્રી નંબર : ૩૨/૨૦૨૨ તા.૦૫/૧૧/૨૦૨૨ :-**

તા.૦૫/૧૧/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ ચાઇલ્ડ લાઇન ટીમના સભ્યો સાથે સુરત રેલ્વે સ્ટેશન ઉપર પેટ્રોલીંગમા હતા તે વખતે પ્લે નં ૦૧ ઉપરથી એક છોકરો મળી આવતા આવતા તેની પુછપરછ કરતા તે સહકાર આપતો ન હોય જેથી તેને સુરત રેલ્વે પોલીસ સ્ટેશન લાવી તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ અજય સ/ઓ સુરેંદ્ર જાતે માહંતો ઉ.વ.૧૩ ધંધો મજુરી રહે બંગાલીબસ્તી દેહરાદુન ઉત્તરાખંડ વાળો હોવાનુ અને તેને તેની માતા ઘરનુ કામ કરવાનુ કહેતા તે ના પાડી દેતા તેની માતા માર મરતા તેને લાગી આવતા તે ઘરેથી કોઇને પણ જાણ કર્યા વગર નિકળી આવેલ હોવાનુ જણાવતા તે તેના માતા પિતાનો નંબર જાણતો ન હોય જેથી તેનાવાલીવરસોની શોધખોળ તથા મોબાઇલ નંબરની તપાસ ન થાય ત્યા સુધી તેને શ્રી વી.આર. પોપાવાલા ચિલ્ડ્રન હોમ કતારગામ સુરત ખાતે મુકવામા આવેલ. જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે.

**(૫) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા. એન્ટ્રી નંબર : ૩૭/૨૦૨૨ તા.૦૫/૧૧/૨૦૨૨ :-**

તા.૦૫/૧૧/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રે.પો.સ્ટે.મા મીસીંગ તુમારી કામ કરતા હાજર હતા તે વખતે પી.એસ.ઓ રમણભાઇ સુરમલભાઇ નાઓએ જણાવેલ કે આર.પી.એફ સ્ટાફ ટ્રેન નં ૧૯૦૧૯ માં પેટ્રોલીગ કરતા સુરત આવતા હતા તે વખતે તેઓને ટ્રેનમાં એક છોકરી મળી આવતા તેની પુછપરછ કરતા તેને જણાવેલ કે હુ મારા માતાપિતાને જાણ કર્યા વગર નીકળી આવેલ હવાનુ જણાવતા તેને ટ્રેન માંથી ઉતારી સુરત રે.પો.સ્ટે.મા રજુ કરતા પી.એસ.ઓ.એ ફોન કરી જણાવતા વુ.એ.એસ.આઇ. મનીષાબેન પો.સ્ટે. આવી સદર છોકરીનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ નિતુ ડો/ઓ મુન્નાસીગ જાતે સીગ ઉ.વ. ૧૬ ધંધો ઘરકામ રહે રાતા વડીયાવાડ છીરી વાપી જી વલસાડ મુળ ગાવ ખંતાબસાવ થાણા ઇટાડહી જી બક્સર રાજ્ય બિહારવાળી હોવાનુ જણાવતા તેની વધુ પુછપરછ કરતા તેને જણાવેલ કે તેને તેના નાના – નાની ની બહુ યાદ આવતી હોય અને તે અવાર નવાર તેની માતાને વતનામાં જવાનુ કહેતા તેની માતાએ જણાવેલ કે અત્યારે મને રજા નથી અને રજા મળશે ત્યારે આપડે વતનમાં પરીવાર સાથે જઇશુ તેમ જણાવેલ હતુ સદર છોકરીની માતાએ વતન માં જવાની ના-પાડતા તે તા ૦૩/૧૧/૨૦૨૨ ના રોજ સવારના ચારેક વાગે કોઇને પણ જાણ કર્યા વગર નીકળી ગયેલ અને વાપી રેલ્વે સ્ટેશનથી ટ્રેનમાં બેસી બાંદ્રા ગયેલ ત્યા અમારા વતનની ટ્રેનની તેને ખબર ન પડતા તે બાંદ્રા રેલ્વે સ્ટેશનથી બાંદ્રા હરીદ્વાર એક્સ ટ્રેનમાં વગર ટીકીટે બેસેલ જયા ઓન ડ્યુટી પોલીસ જેવા લાગતા કર્મચારીએ તેની પુછપરછ કરતા તેઓએ સર્વ હકીકત જણાવતી હોય જેથી સદર બાળકીના ભાઇ નામે રવિ મુન્નાસીગ જાતે સીગ ઉ. વ. ૧૯ ધંધો નોકરી રહે હાલ રાતા વડીયાવાડ છીરી વાપી જી વલસાડ મુળ રહે ગાવ ખંતાબસાવ થાણા ઇટાડહી જી બક્સર રાજ્ય બિહાર મો નં ૭૮૦૨૦૯૧૭૧૧ વાળા નાઓને ફોન કરી જાણ કરતા તેઓ વાપીથી સુરત રે.પો.સ્ટે. ખાતે લેવા માટે આવતા તેઓનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી બાળકીને કબ્જો તેના ભાઇ ને રૂબરૂમા સોંપવામા આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામા આવેલ છે.

**(૬) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા. એન્ટ્રી નંબર : ૩૨/૨૦૨૨ તા.૦૬/૧૧/૨૦૨૨ :-**

તા.૦૬/૧૧/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રે.પો.સ્ટે.મા હાજર હતા તે વખતે ગોમતીનગર પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ શ્રી સાજીદ શા તથા વુમન પો.કો. શીતલ રાઠોડ નાઓએ સુરત રે.પો.સ્ટે.મા આવી જણાવેલ કે સુરત રેલ્વે સ્ટેશન ઉપરથી એક મહિલા મળી આવેલ જેથી વુ.એ.એસ.આઇ. મનીષાબેને સદર મહિલાનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ જ્યોતિ ડો/ઓ ભગવાનબક્સ...

...જાતે સીગ ઉ. વ. ૨૪ ધંધો ફાર્મસીસની ટ્રેનીગ રહે ૬૧૮૯ વિપુલખંડ ગોમતિનગર લખનૌ વાળી હોવાનુ અને તે તા ૦૪/૧૧/૨૨ તથા તેની સાથે એક પુરૂષ નામે રાહુલસીગ સ/ઓ સુજીતસિહ જાતે સિહ ઉ.વ.૨૯ ધંધો નોકરી રહે હાલ રૂમ નં ૪૧૩ પહેલા માળ ગણેશનગર પાંડેસરા સુરત વાળા સાથે લગ્ન કરવા માટે તેના વતનથી નિકળી આવેલ હતા જે હે.કો. મહેંન્દ્રભાઇ સુરજીભાઇ એલ.સી.બી. પ.રે. સુરત નાઓને મળી આવતા તેઓના વાલીવારસો સાથે વાત કરતા તેઓએ જણાવેલ કે યુ.પી લખનૌ ખાતે ગોમતીનગર પોલીસ સ્ટેશનમાં મીસીગ નં.૪૨/૨૦૨૨ તા. ૦૪/૧૧/૨૦૨૨ થી દાખલ કરાવેલ હોય જેથી અમો તેને લેવા માટે આવીએ છીએ તેમ જણાવતા સદર મહિલાના વાલીવરસો ન આવે ત્યા સુધી તેને અસ્થાઇ આશ્રય માટે સખી વન સ્ટોપ સેંટર ન્યુ સીવીલ હોસ્પીટલ ખાતે મુકવામાં આવેલ બાદ તા ૦૬/૧૧/૨૦૨૨ ના રોજ ગોમતીનગર પોલીસ સ્ટેશનના પો.સબ ઇન્સ.શ્રી સાજીદ શા તથા વુમન પો.કો. શીતલ રાઠોડ તેમજ સદર મહિલાના ભાઇ આશુતોષ સ/ઓ ભગવાનબ્ક્સ જાતે સીગ નાઓ સુરત રે.પો.સ્ટે.મા લેવા માટે આવતા અને સદર મહિલા તેના ભાઇ તથા પોલીસ સાથે જવા માગતી ન હોય અને તેના મિત્ર નામે રાહુલસીગ સાથે જવા માગતી હોય અને તેનો મિત્ર રાહુલ પણ જ્યોતિને સાથે લઇ જવા માગતો હોય જેથી તેઓ બન્નેના યોગ્ય નિવેદન મેળવી સદર મહિલાને તેના મિત્ર/બોયફ્રેંડ રાહુલને રૂબરૂમા સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે.

**"પોલીસ અધિક્ષકશ્રીની આજ્ઞાનુસાર "**

Sd/-
( એસ.ડી. ભટ્ટ )
રીડર પો.સબ ઇન્સ.
પોલીસ અધિક્ષકની કચેરી
પશ્ચિમ રેલ્વે, વડોદરા